ગાંધીનગર સમાચાર
તા. ૨૫-૩-૨૦૧૫, બુધવાર

તંત્રી સ્થાનેથી....

શહીદોની સ્મરણવંદનામાં રાજકારણ નહિ

શહીદ ત્રિપુટીની સ્મરણવંદના કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પંજાબની મુલાકાત લઇ દેશની યુવા પેઢીને યોગ્ય સંદેશ પાઠવ્યો છે. છેક ૧૯૩૧માં ફાંસીના ફંદે લટકાવી દેવાયેલ ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને રાષ્ટ્ર એમના બલિદાન દિવસે આટલાં વર્ષો પછી પણ કૃતજ્ઞતાપૂર્વક યાદ કરે છે, તે આ મહાન પ્રજાની ખુમારી દર્શાવે છે. ભારત વિશ્વની સૌથી પ્રાચીન સંસ્કૃતિનું પારણું રહ્યું છે. એણે વિવિધ પ્રકારના વિચારો, દુનિયાના ખૂણેખૂણેથી આવીને અહીં વસી ગયેલી પ્રજાઓ અને પરસ્પર વિરોધી એવી સંસ્કૃતિઓનો સમન્વય સાધી દરેકને એના ગજા મુજબનું સ્થાન આપ્યું છે. આઝાદીની ચળવળમાં બે પ્રકારના લોકો પોતપોતાની રીતે સક્રિય હતા. ઇંટનો જવાબ પથ્થરથી આપવાની વિચારધારામાં માનતા ભગતસિંહ જેવા સ્વાતંત્ર્યવીરો સરકાર સામે લોહીયાળ જંગ ખેલી બ્રિટીશ રાજનો અંત આણવા મથતા હતા; બીજી તરફ ગોખલે અને ગાંધીજી જેવા પ્રબુદ્ધ અને વિચક્ષણ લોકનાયકો પ્રતાપી રાજ સામે ન્યાયપૂર્વકની અહિંસક લડત ચલાવવાના આગ્રહી હતા. ખુદ કોંગ્રેસ મવાળ અને જહાલ જેવાં બે જૂથોમાં વહેંચાયેલી હતી. કાળક્રમે ગાંધીજીના હાથમાં કોંગ્રેસનું સુવાંગ સંગઠન અને સત્તા આવી જતાં એમના જ અહિંસક વિચારોને કોંગ્રેસે સ્વીકારી લઇ આખી લડતને જુદું સ્વરૂપ આપ્યું હતું. પરંતુ તે સમયના ભગતસિંહ જેવા તરવરિયા તોખારો તો અંગ્રેજોના જુલમથી એટલા અકળાઇ ચૂક્યા હતા કે એ શસ્ત્રક્રાંતિથી જ આઝાદી હાંસલ થઇ શકશે, એવી માન્યતા ધરાવતા થઇ ગયાં હતા. જલિયાંવાળા બાગ જેવી નૃશંસ ઘટનાઓ અને લાલા લજપતરાય જેવા રાષ્ટ્રીય નેતાનું પોલીસની લાઠીથી થયેલું મૃત્યુ પંજાબના આ ગરમ લોહીવાળા યુવાન સ્વાતંત્ર્યવીરોથી જીરવી શકાયું નહોતું. વેર વાળવા માટે પાર્લામેન્ટમાં બોમ્બ પોડી આવવાનું સાહસ કરનાર આ ત્રિપુટીએ ફાંસીની સજા પણ હસતે મોઢે સ્વીકારી લીધી હતી. ખુદ મહાત્મા ગાંધીએ ભગતસિંહની ફાંસીની સજા રદ કરવવા લેખો લખ્યા હતા, પરંતુ એમના હિંસાત્મક આંદોલન સાથે એ ક્યારેય સહમત થઇ શક્યા નહોતા. ભારતીય જનતા પાર્ટી જેમને આદર્શ ગણીને ચાલે છે તેવા વીર સાવરકર વગેરે આગેવાનોએ ગાંધીજીના અહિંસક આંદોલનને બિનઉપયોગી ગણાવ્યું હતુ. છેલ્લા દિવસોમાં જસ્ટિસ માર્કંડેય કાટજૂએ ગાંધીજી વિશે જે અપમાનજનક ટીકા કરી તેમાં આ જ માનસિકતાનું પ્રતિબિંબ પડે છે. ભગતસિંહની શહીદીનું ઉચિત સન્માન જળવાવું જ જોઇએ, જે અગાઉ રાજીવ ગાંધીએ અને હમણાં વડાપ્રધાન મોદીએ એમના અંતિમ સંસ્કારની ભૂમિમાં જઇને જાળવવાનો પ્રયાસ કર્યો છે. મોદીએ પંજાબમાં શહીદ ત્રિપુટીને શ્રદ્ધાંજલિ આપતાં ભૂમિ અધિગ્રહણ બિલ મુદ્દે નારાજ થયેલ ખેડૂતોને મનાવવાના પ્રયાસો કર્યા. ગાંધીવાદી લોકનેતા અણ્ણા હજારે પણ પંજાબમાં ભગતસિંહના પૈતૃક ગામે પહોંચી જઇ એમના કિસાન આંદોલનની શરૂઆત કરી રહ્યા છે. શહીદોનો રાજકારણ માટે ઉપયોગ થાય તે ઉચિત નથી, હા, રાષ્ટ્રકારણ અને લોકકારણ પૂરતા એમને જરૂર સન્માનપૂર્વક યાદ કરવા જોઇએ. શહીદોની શહીદી ક્યારેય એળે જતી નથી. શહીદો અમર રહો!

સૂર્યઉર્જાની માહિતી આપી

આપણા દેશના કેટલાક રાજ્યોના અંતરિયાળ ગામોમાં હજુ પણ વીજળી નશીબમાં નથી. મનુષ્ય દ્વારા બેફામ વીજળીનો દૂરઉપયોગ કરવામાં આવે છે. પરંતુ જ્યારે વીજળીનો જથ્થો પૂરો થઈ જશે ત્યારે માનવીને પુનઃ આદિકાળમાં જવાનો વારો આવશે. જો આપણે વીજળીનો વ્યય અને સૂર્યઉર્જા વાપરીશુ તો આપણુ જીવન અંધકારમય નહિ પરંતુ ઉજાસવાળુ રહેશે. નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા સેક્ટર-૨૨ સ્થિત વિદ્યાભારતી અધ્યયન કેન્દ્રની તાલીમાર્થી બહેનોને સૂર્યઉર્જાના લાભ અને સોલર સાધનોની માહિતી આપવામાં આવી હતી.

વીરમાયા સમિતિની બેઠક મળી

વીરમાયા સ્મારક સમિતિની મહેસાણા ખાતે કારોબારીની બેઠક મળી હતી. વીરમાયા સમિતિના અધ્યક્ષ ઝવેરભાઈ ચાવડાના અધ્યક્ષ સ્થાને મળેલી બેઠકમાં સ્મારકને ઝડપથી પૂર્ણ કરવા માટેની યોજના ઘડવામાં આવી હતી.

વીરમાયા સ્મારક સમિતિની બેઠક ગત રવિવારે બપોરે ૧૨.૦૦ વાગે મહેસાણા ખાતે મળી હતી. બેઠકમાં રાજ્યભરમાંથી સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં સમિતિના પ્રમુખ ઝવેરભાઈએ સ્મારક બનાવવા માટે ઉદાર હાથે ફાળો આપવા અપીલ કરી હતી.

જલારામ મંદિરે રામ જયંતિ-રક્તદાન કેમ્પ

સેક્ટર-૨૯ જલારામ મંદિર ખાતે રામચંદ્રજીની જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે રક્તદાન કેમ્પ યોજવામાં આવશે. આગામી ૨૮ માર્ચ, શનિવારે મંદિર પરિસરમાં સવારે ૮.૩૦ વાગે રામજી અને જલારામ બાપાની પૂજન વિધિ કરવામાં આવશે. સવારે ૧૦.૩૫ કલાકે રઘુવંશી ધ્વજવંદન, ૧૦.૪૫ થી ૧૨.૦૦ કલાક દરમિયાન હરિનામ સંકિર્તન અને બપોરે ૧૨.૦૦ વાગે રામ જન્મોત્સવ, મહાઆરતી યોજાશે. બ્લડબેન્ક માણસાના સહયોગથી સવારે ૯ થી ૧ કલાક દરમિયાન રક્તદાન શિબિર યોજાશે. મોટી સંખ્યામાં નગરજનોને રામ જયંતિ અને રક્તદાન કેમ્પમાં ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

નિબંધ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૪

સેક્ટર-૨૩ આર.જી. પટેલ અને એસ.બી. પટેલ માધ્યમિકની વિદ્યાર્થીનીઓએ સેક્ટર-૨૩ અરવિંદ કેન્દ્ર ખાતે યોજાયેલ નિબંધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. 'બાળકોના મધુર માતાજી' અને 'વિદ્યાર્થીનું કર્તવ્ય' વિષય પર યોજાયેલ નિબંધ સ્પર્ધામાં શાળાની ૩૩ વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી. સ્પર્ધામાં પ્રથમ રીયા પટેલ ધો-૯સી, દ્વિતીય રિન્કી પાઠક ધો-૯એ અને તૃતીય હિરલ ચૌધરી ધો-૯ બી આવી હતી. વિજેતા વિદ્યાર્થીનીઓને રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવી હતી.

શિક્ષણના મંદિરમાં સફાઈ કરી

કહેવાય છે કે 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' શિક્ષણના મંદિર સમી સેક્ટર-૨૯ સરકારી ગુજરાતી પ્રાથમિક શાળા નં.-૨માં બી.એ.પી.એસ. પ્રમુખ સ્વામી સંસ્થાની સેક્ટર-૨૯ મહિલા મંડળ દ્વારા સફાઈ હાથ ધરવામાં આવી હતી. મહિલાઓએ શાળામાંથી ગંદકીને દૂર કરી પ્રભુને પસંદ પડે તેવું કાર્ય કર્યું હતું. આ સફાઈ અભિયાનમાં વર્ષાબેન બ્રહ્મક્ષત્રિય, ડૉ. મુનીરાબેન, ભારતીબેન, અલકાબેન, જયાબેન દેસાઈ, કનકબા, મીનબેન, આશાબેન જોડાયા હતા.

(તસવીર : દિલીપ પ્રજાપતિ)

ડેમોક્રેટીક એસોસિએશનની બેઠક મળી

ગાંધીનગર, તા. ૨૪

ડેમોક્રેટીક પિપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગરની બેઠક સંસ્થાના પ્રમુખ ભાનુકાન્ત પરમારના અધ્યક્ષ સ્થાને મળી હતી. બેઠકમાં રાઈટ ટુ એજ્યુકેશનની જોગવાઈઓ તેમજ આગામી ૧૪ એપ્રિલે ડૉ. બાબાસાહેબના જન્મ દિવસે રન ફોર ઈક્વોલિટીનું આયોજન કરવા સહિતના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં મોટી સંખ્યામાં એસોસિએશનના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

હરિની દૃષ્ટિ...

ઉનાળો આવ્યો, હવે તમને આરામ મળશે, શરદી થયેલા બધા સ્વાઇન ફ્લુ ટેસ્ટ કરાવી ગયા... એ બધા હવે નહીં આવે...

સી-મેટની પરીક્ષાનું પરીણામ આજે : ભારે ઉત્સુકતા જાગી

અમદાવાદ, તા.૨૪

ગુજરાત સહિત સમગ્ર દેશની એમબીએ-એમસીએ કોલેજોમાં પ્રવેશ માટે લેવાયેલી સીમેટનું પરિણામ આવતીકાલે જાહેર કરવામાં આવનાર છે. સ્પર્ધાત્મક પરીક્ષામાં વિદ્યાર્થીઓએ મેળવેલ મેરિટના આધારે દેશની અને ગુજરાતની એમબીએ-એમસીએ કોલેજોમાં પ્રવેશ માટેની કાર્યવાહી કરવામાં આવશે. પ્રાપ્ત થતિ માહિતિ મુજબ દેશની નામાંકિત ગણાતી એમબીએ-એમસીએ કોલેજોમાં પ્રવેશ માટે સીમેટ એટલે કે કોમન મેનેજમેન્ટ એપ્ટિટયૂટ ટેસ્ટ લેવામાં આવે છે. ગુજરાતની તમામ એમબીએ-એમસીએ કોલેજો માટે આ ટેસ્ટ સ્વીકારવામાં આવી છે. વર્ષમાં બે વખત ફેબ્રુઆરી અને સપ્ટેમ્બરમાં આ પરીક્ષા લેવામાં આવતી હોય છે. વિદ્યાર્થીઓ બન્ને પરીક્ષાઓ આપી શકે છે. બન્ને પૈકી પરીક્ષામાં વધારે માર્કસ હોય તેના મેરિટના આધારે પ્રવેશ આપવામાં આવે છે. ત્યારે છેલ્લે ગત ૧૯મી ફેબ્રુઆરીએ સીમેટની પરીક્ષા લેવામાં આવી હતી. જેનુ પરીણામ આવતીકાલે જાહેર કરવામાં આવશે. ગુજરાતમાંથી અંદાજે ૫૦ હજાર જેટલા વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હોવાની શક્યતા છે. ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશન દ્વારા લેવાયેલી પરીક્ષાનું પરિણામ જાહેર કરાયા બાદ તેના મેરિટના આધારે ગુજરાતની તમામ એમબીએ-એમસીએ કોલેજોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં છેલ્લા બે વર્ષથી મોટાપાયે એમબીએ કોલેજોની બેઠકો ખાલી પડે છે. એઆઈસીટીઈ દ્વારા લેવાતી સીમેટની પરીક્ષામાં પાસ થતાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપી દીધા પછી પણ અનેક બેઠકો ખાલી રહેતી હોય છે. જેના લીધે ગુજરાતની એમબીએ કોલેજનાં સંચાલકોએ પ્રવેશ માટે સીમેટને માન્ય ન ગણવાની પણ માગણી કરી હતી. જોકે, કેટલાક સંચાલકોની માંગણી અંગે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો ન હોવાથી આ વર્ષે પણ સીમેટના આધારે જ પ્રવેશ ફાળવણી કરવામાં આવશે.

અંગ્રેજીનું પેપર વોટસ અપ પર ફરતુ થયાની તીવ્ર ચર્ચા

અમદાવાદ, તા.૨૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાઈ રહેલ પરીક્ષામાં આજે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં દ્વિતિય વિષય હિન્દી અને અંગ્રેજીની પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષા પહેલાજ દ્વિતીય વિષય અંગ્રેજીનું પેપર વ્હોટસ અપ ઉપર ફરતું થયું હોવાની ચર્ચાએ વેગ પકડયો હતો જો કે શિક્ષણ વિભાગ દ્વારા આ અહેવાલોને રદીયો આપવામાં આવ્યો હતો. દરમિયાન આજે લેવાયેલ પરીક્ષાનું પેપર સરળ રહ્યું હતું. જો કે તેમ છતાં રાજયમાં કુલ ૨૧ કોપી કેસ આજની પરીક્ષા દરમિયાન નોંધાયા હતા. જેમાંથી સૌથી વધુ આણંદ જિલ્લાના ભાલોજ ખાતે ૮ વિદ્યાર્થીઓ પરીક્ષા દરમિયાન ગેરરીતી આચરતા ઝડપાયા હતા. જયારે બોટાદ અને મહેસાણા જિલ્લાના કડી ખાતે ચાર-ચાર વિદ્યાર્થીઓ પરીક્ષામાં ગેરરીતી આચરતા ઝડપાયા હતા. પંચમહાલ જિલ્લામાં બે વિદ્યાર્થી તો ભાવનગર જિલ્લાનાં ગારીયાદર ખાતે ત્રણ વિદ્યાર્થીઓ ગેરરીતી આચરતા ઝડપાયા હતા. આ દરમિયાન ગારીયાધર ખાતે ગેરરીતી કરતાં ઝડપાયેલ એક વિદ્યાર્થી પાસેથી મોબાઈલ ફોન પણ મળી આવ્યો હતો. શિક્ષણ બોર્ડે પરીક્ષા દરમિયાન મોબાઈલ ફોન રાખવા ઉપર પ્રતિબંધ મુકેલ હોવા છતાં વિદ્યાર્થી પાસે ફોન કઈ રીતે રહ્યો તે તપાસ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે આજ દિવસ સુધી બોર્ડની પરીક્ષા દરમિયાન કુલ ૫૬૨ ગેરરીતીના કેસ નોંધાયા છે. તેમજ બોર્ડની પરીક્ષા દરમિયાન સીસીટીવી કેમેરા વડે રેકોર્ડ કરેલ વિડીયો ફુટેજની તપાસ દરમિયાન હજી કેટલાક વિદ્યાર્થીઓ સામે ગેરરીતીનાં કેસ થાય તેવી શકયતા છે.

મહાભારતનું યુદ્ધ ભારતીય ઇતિહાસમાં સૌથી મોટું યુદ્ધ મનાય છે, યુદ્ધના અંતમાં અધર્મની હાર અને ધર્મની જીત થઇ

વિચારોના મધુવનમાં યુદ્ધસ્ય રમણીયા કથા

પ્રા. ડૉ. રાકેશ પટેલ

પ્રથમ વિશ્વ યુદ્ધને સો વર્ષ કરતા વધુ વર્ષ થયા છે. આ યુદ્ધમાં ઘણા ભારતીયોનું જીવન હણાયું હતું. આશરે ચાર વર્ષ સુધી ખેલાયેલા આ વિનાશક યુદ્ધમાં ૧૦ મિલિયન લોકોની જિંદગી હોમાઈ હતી. તેમાં ૫૦ હજાર કરતાં વધુ ભારતીય લોકોના જીવની આહુતિ લેવાઈ હતી. છતાં આ શહીદોને અંજલિ આપવાની વાત તો દૂર, કયાંય નોંધ સુદ્ધાં લેવામાં આવી નથી.

સત્તાની લડાઈ માટે ખેલાયેલું પ્રથમ યુદ્ધ ૨૦મી સદીના ઈતિહાસની મોટી ઘટના હતી. યુરોપ, મધ્ય, પૂર્વ સહિતના દેશની ધરતી પર લડાયેલા પ્રથમ વિશ્વ યુદ્ધમાં ૩૨ રાષ્ટ્રોએ ભાગ લીધો હતો. આ મહાયુદ્ધ ૨૮ જુલાઈ, ૧૯૧૪ના રોજ જાહેર કરવામાં આવ્યું હતું અને ૧૧ નવેમ્બર, ૧૯૧૮ સુધી ચાલ્યું હતું. પ્રથમ વિશ્વ યુદ્ધ વખતે ભારત પર બ્રિટીશ હકૂમત હોવાથી ભારતીય સૈનિકો બ્રિટિશ લશ્કર તરીકે લડ્યા હતા. પતિયાળા સહિત અનેક મોટા રજવાડાંઓએ સૈનિકોની ટુકડીઓ રણ મોરચે મોકલી હતી. આ યુદ્ધ ભૂમિમાં લાખો લોકોની જિંદગી હોમાઈ હતી. જેમાં ૫૦ હજાર ભારતીયો શહીદ થયા હતા અને ૬૫,૦૦૦ ઘાયલ થયા હતા, જયારે ૧૦ હજાર જેટલા ભારતીયોનો કોઈ પત્તો લાગ્યો નથી.

ભારત અને પાકિસ્તાન વચ્ચે મે ૧૯૯૯માં કારગીલ યુદ્ધની શરૂઆત થઈ હતી. બે મહિના સુધી આ યુદ્ધ જારી રહ્યું હતું. આખરે પાકિસ્તાની સૈનિકોએ હાર થતાં પહાડી શિખરો ઉપરથી તેના સૈનિકોને પાછા ખેંચવાની જાહેરાત કરી હતી. પાકિસ્તાની સૈનાએ શ્રીનગર-લે હાઈવે ઉપર પણ કબજો જમાવ્યો હતો. પાકિસ્તાની સૈના સાથે પાકિસ્તાની આતંકવાદીઓ પણ જોડાયા હતા જેના લીધે ભારતીય જવાનોને કારગીલ અને અન્ય વિસ્તારમાંથી પાકિસ્તાનની સૈનાના ખદેડવામાં ભારે જહેમત ઉઠાવવી પડી હતી. ભારતીય સૈનિકોએ અભૂતપૂર્વ સાહસનો પરિચય આપ્યો હતો. પાકિસ્તાની સૈના સાથેની લડાઈમાં ભારતે ૫૦૦ જવાનો અને અધિકારીઓ ગુમાવ્યા હતા. આ શહીદ થયેલા જવાનો અને અધિકારીઓ પૈકી ઘણાને મરણોપરાંત સાહસી શૌર્ય એવોર્ડ આપવામાં આવ્યા હતા.

ચીન-ભારત યુદ્ધ તે ચીન-ભારત સરહદી સંઘર્ષ તરીકે પણ ઓળખાય છે. આ યુદ્ધ ૧૯૬૨માં ભારત અને ચીન વચ્ચે લડાયું હતું. આ યુદ્ધનું મુખ્ય કારણ હિમાલયની વિવાદિત સરહદ હતી, પરંતુ આ યુદ્ધમાં અન્ય કારણોએ પણ ભૂમિકા ભજવી હતી. ભારતે દલાઈ લામાને આશ્રય આપ્યો તે સમયે ૧૯૫૯માં તિબેટના બળવા બાદ સરહદ પર શ્રેણીબદ્ધ હિંસક બનાવો બન્યા હતા. ભારતે ફોરવર્ડ પોલિસીનો આરંભ કર્યો હતો જે હેઠળ તેણે સરહદ પર ચોકીઓ મૂકી હતી, જેમાં ૧૯૫૯માં ચીનના પ્રમુખ ઝોઉ એનલાઈ દ્વારા જાહેર કરાયેલી વાસ્તવિક અંકુશ રેખાના પૂર્વીય હિસ્સારૂપ, મેકમોહન લાઈનની ઉત્તરે આવેલી ઘણી ચોકીઓનો પણ સમાવેશ થતો હતો.

ક્યુબાની મિસાઈલ કટોકટીની સાથે સાથે, ૨૦ ઓક્ટોબર ૧૯૬૨નાં રોજ લડાખ અને મેકમોહન લાઈન પર ચીને લડાખ અને મેકમોહન લાઈન પર એકસાથે હુમલાઓ શરૂ કર્યાં. બન્ને મોરચે ચીનના દળોએ ભારતીય સૈન્ય પર જીત મેળવી અને પશ્ચિમી મોરચે ચાઉશુલમાં રેઝાન્ગ લાને, તેમજ પૂર્વીય મોરચે તવાન્ગને કબ્જે કર્યું. ૨૦ નવેમ્બર ૧૯૬૨નાં રોજ ચીને યુદ્ધવિરામ જાહેર કરતા આ યુદ્ધનો અંત આવ્યો હતો અને ભારત વિવાદિત ક્ષેત્રમાંથી ખસી ગયું હતું.

યુદ્ધ દરમિયાન જુદા જુદા મેસેજ અપાતા હોય છે. એરરેઇડ - યલો મેસેજ -આ સંદેશા દ્વારા સંભવિત હવાઇ હુમલા પ્રાથમિક સંદેશો ગુપ્ત રાહે સંબંધિત નાગરિક સંરક્ષણના નિયંત્રકશ્રીઓને પહોચાડવામાં આવે છે કે જેમાં હવાઇ હુમલાખોરો રાજયના અગત્યના ટાર્ગેટ વિસ્તારોમાં ત્રાટકવાની શકયતા છે. નિયંત્રકશ્રીને યોગ્ય જણાયે તાબાના અધિકારીશ્રીઓને પહોંચાડી સતર્ક કરે છે.

એરરેઇડ -રેડ મેસેજ - આ સંદેશા દ્વારા દુશ્મન દેશ દ્વારા સંભવિત ટાર્ગેટ ઉપર દોઢ થી પાંચ મીનીટમાં ત્રાટકવાની સંભાવના હોય છે. અને સંદેશા મળતાની સાથે તુર્તજ પગલા લઇ એરરેઇડ વોર્નીંગ સીગ્નલ તુટક તુટક ૨ મીનીટના સમય માટે વગાડવામાં આવે છે. જેથી પ્રજાજનોને હવાઇ હુમલા અંગેની જાણ થતા સાવચેતીના પગલા લઇ શકે છે.

એરરેઇડ - ગ્રીન મેસેજ - આ સંદેશા દ્વારા દુશ્મન દેશના વિમાનો કોઇપણ પ્રકારના હુમલા કર્યા સિવાય જતા રહેલ છે. જેથી સાયરન ૨ મીનીટ સુધી સતત વગાડી પ્રજાજનોને હવાઇ હુમલાનો જોખમ નહી હોવાની જાણ કરવામાં આવે છે.

એર રેઇડ

વાઇટ- મેસેજ - આ સંદેશા દ્વારા હવાઇ હુમલા બાદ પૂર્વવત શાંતિ સ્થાપવા અને જનજીવન સામાન્ય કરવાનું રહે છે.

વધુમાં હવાઇ હુમલાની શકયતા અનુલક્ષી અન્ય એક સંદેશાવ્યવહારની સુવિધા સી.ડી. કંટ્રોલ ખાતેથી હાથ ધરવામાં આવે છે. જેમાં ટેલીફોનીક મેસેજથી રાજય ખાતેના વિવિધ કેટેગરાઇઝડ ટાઉનોના ઉચ્ચ અધિકારીઓ, વીઆઇપી, વીવીઆઇપી તથા અગ્રણી નાગિરકો. પ્રતિષ્ઠિત વ્યકિતઓ તથા નાગરિક સંરક્ષણના માનધ્પદાધિકારીઓને એસ.બી.એફ.(સ્પેશ્યલ બ્રોડકાસ્ટીગ ફેસીલીટી), જી.બી.એફ.(જનરલ બ્રોડકાસ્ટીગ ફેસીલીટી) દ્વારા સાંકળવામાં આવે છે. જેમાં સી.ડી.કંટ્રોલ ખાતેના ટેલીફોન દ્વારા એક જ સાથે તમામ ઉપરોકત ઉચ્ચ અધિકારીને ટેલીફોનીક મેસેજથી સાંકળવામાં આવે છે.

આ ઉપરાંત યુદ્ધ સમયની આ પરિસ્થિતિમાં અંધારપટ માટેનું રિહર્સલ કરી દુશ્મન દેશનો ટાર્ગેટ નિષ્ફળ જાય તે માટે તથા પ્રજાના જાનમાલનું રક્ષણ કરવા તથા મોટા ઔધોગીક એકમો, અગત્યના સરકારી-અર્ધ સરકારી, વિધાનસભા, સચિવાલય, રાજભવન, હવાઇમથકો, વિગેરેનું રક્ષણ કરવા ખાસ પદ્ધતિ દ્વારા કેમોફ્લેગ કન્સીલમેન્ટ કરી રક્ષણ કરવા નાગરિક સંરક્ષણની બાર સેવાઓ તથા સ્થાનિક તંત્ર કામ લાગે છે. પ્રચાર-પ્રસાર દ્વારા પ્રજાનો જુસ્સો ટકાવી રાખવામાં આવે છે. અને કોઇ અફવા ન ફેલાય તેની તકેદારી રાખવામાં આવે છે. હોસ્પીટલો, શાળા, કોલેજો, હોટલો, સિનેમાગૃહ, ઔદ્યોગીક એકમો, ધંધારોજગાર, નાના ફેરીયાઓના ધંધારોજગાર વિગેરે જેવી આર્થિક પ્રવૃત્તિઓ સામાન્યવત ચાલું રાખવા તંત્ર કામે લાગે છે.

મહાભારતનું યુદ્ધ ભારતીય ઈતિહાસનું સૌથી મોટું યુદ્ધ મનાય છે. આ યુદ્ધમાં કેટલાય મોટા-મોટા યોદ્ધાઓએ ભાગ લીધો હતો. યુદ્ધના અંતમાં અધર્મની હાર અને ધર્મની જીત થઈ. જોકે, એવા રાજા પણ હતા જેમણે ભારતીય ઈતિહાસની આ સૌથી મોટી લડાઈમાં ભાગ નહોતો લીધો. કોણ હતા આ રાજાઓ અને યુદ્ધમાં ભાગ ન લેવાનું કારણ શું હતું? મહાભારતના યુદ્ધમાં દેશ-વિદેશના રાજાઓ-લશ્કરે ભાગ લીધો હતો. માનવામાં આવે છે કે, કૌરવોની સાથે કૃષ્ણના લશ્કર સહિત યવન, ગ્રીક, રોમન, અમેરિકા, મેસિડોનિયન વગેરે જગ્યાઓના યોદ્ધાઓ સામેલ હતા. તો પાંડવોની સાથે માત્ર કૃષ્ણ અને તેમના મિત્ર રાજાઓની સેના હતી.

યુદ્ધ સમય દરમ્યાન દુશ્મન દેશ દ્વારા આજના યુગમાં હવાઇ હુમલાથી યુદ્ધની શકયતા વધુ છે. નાગરિક સરંક્ષણના કામે ચાર પ્રકારના હવાઇ હુમલા સંબંધી સંદેશાઓ પ્રજાજનોને હવાઇ હુમલાની ચેતવણી સારૂ સાયરનો દ્વારા પહોંચાડવાની પ્રણાલિગત અસરકારક વ્યવસ્થા પ્રચલિત છે.

મહાભારતના યુદ્ધ સમયે આખા ભારતવર્ષમાંથી માત્ર બે જ રાજા યુદ્ધમાં સામેલ નહોતા થયા, એક બલરામ અને બીજા ભોજકટના રાજા અને રૂકમણીના મોટા ભાઈ રુક્મી. મહાભારત યુદ્ધ પહેલા બલરામે કૃષ્ણને ઘણીવાર સમજાવ્યા કે, આપણે યુદ્ધમાં સામેલ ન થવું જોઈએ, કેમકે દુર્યોધન અને અર્જૂન બંને આપણા મિત્ર છે. આવા ધર્મસંકટ સમયે બંનેનો પક્ષ લેવો યોગ્ય રહેશે.

શ્રીકૃષ્ણએ કહ્યું કે, ક્યારેક-ક્યારેક મનુષ્યએ ધર્મસંકટ જેવી સ્થિતિઓનો સામનો કરવો પડતો હોય છે. એવા સમયે લોકો દુવિધામાં ફસાઈ જાય છે, પરંતુ તેમને કોઈ પ્રકારની દુવિધા નથી. તેમણે સમસ્યાનો ઉકેલ પણ કાઢી લીધો હતો. તેમણે દુર્યોધનને જ કહી દીધું કે તું મારા એ મારા લશ્કરમાંથી કોઈ એકની પસંદગી કર. દુર્યોધને કૃષ્ણની સેનાની પસંદગી કરી. જે સમયે મહાભારતના યુદ્ધની તૈયારી થઈ રહી હતી તે સમયે એક દિવસ ભગવાન શ્રીકૃષ્ણના મોટાભાઈ બલરામ, પાંડવોની છાવણીમાં અચાનક પહોંચ્યા. મોટાભાઈને આવતા જોઈ શ્રીકૃષ્ણ, યુધિષ્ઠિર વગેરે ઘણા પ્રસન્ન થયા. બધાએ તેમનો આવકાર આપ્યો. બધાનું અભિવાદન કરી બલરામે યુધિષ્ઠિર પાસે બેઠક લીધી.

ઘણા ભારે મન સાથે તેમણે કહ્યું કે, કેટલીય વખત મેં કૃષ્ણને કહ્યું કે અમારા માટે તો પાંડવ અને કૌરવ બંને એક સમાન છે. એ બંનેને જ મૂર્ખતા કરવાનું સૂઝયું છે. તેમાં આપણે વચ્ચે પડવાની જરૂર નથી, પણ કૃષ્ણએ મારી વાત ન માની. કૃષ્ણને અર્જૂન પ્રત્યે એટલો સ્નેહ છે કે તેનાથી રહેવાયું નહી. હવે જે તરફ કૃષ્ણ હોય, તેના વિરોધમાં હું કેવી રીતે જઉ? ભીમ અને દુર્યોધન બંનેએ મારી પાસે ગદા શીખી છે. બંને મારા શિષ્ય છે. બંને પર મારો એક જેવો સ્નેહ છે. આ બંને કુરુવંશજોને એકબીજા સાથે લડતા જોઈ મને સારું નથી લાગતું એટલે હું તીર્થયાત્રા પર જઈ રહ્યો છું. જયારે રુક્મીને પાંડવો અને કૌરવો બંનેએ સાથે રાખવાની ના પાડી દીધી હતી. રુક્મીની નબળાઈ તેનો બડાઈખોર સ્વભાવ હતો. અર્જૂન જયારે કૃષ્ણની મદદ લેવા દ્વારકા ગયા ત્યારે રુકમી પણ ત્યાં હાજર હતો. તેણે અર્જૂનને કહ્યું કે, તેના ભાથામાં દેવોએ આપેલા બાણ છે, જેથી તેને યુદ્ધના પરિણામની ચિંતા કરવાની જરૂર નથી. અર્જૂનને રુક્મીની આ બડાઈ પસંદ ન આવી. કૃષ્ણના આ સાળાએ એવું કહેવાનો પ્રયાસ કર્યો હતો કે, અર્જૂન કૌરવોથી ડરે છે. અર્જૂને જવાબ આપતા કહ્યું કે, રુક્મીએ તેમના પક્ષમાં રહેવાની જરૂર નથી, તેના વિના જ અમે સંભાળી લઈશું.

અપમાનીત થયેલો રુક્મી પછી દુર્યોધનને મળ્યો. કૌરવોએ તેને એમ કહીને ના પાડી દીધી કે જેને પાંડવોએ નકારી દીધો હોય તેને અમે ન રાખીએ. આમ, રુકમી મહાભારત યુદ્ધમાં ભાગ ન લઈ શક્યો.